**સેશન્સ કેસ નં.૩૮/૨૦૦૯ વિગેરે**

**::– આંક–૩૦૨ હેઠળનો હુકમ –::**

(૧) આરોપી અરજદાર ડો.મીરઝા અહેમદ બેગ તથા અન્યોની અરજી વંચાણે લિધી. હાલની અરજી અરજદાર–આરાપીઓએ તા.૨૧–૧૨–૨૦૧૧ ના રોજ કરેલી છે. જે અરજી મુખ્તત્વે તેઓના અન્ય કોર્ટ કેસ બાબતેના પ્રોડકશન વોરન્ટ અંગેની છે.

(૨) મારા પુરાગોમી વિ.ન્યાયધીશ બંધુશ્રીએ તા.૨૧–૧૨–૨૦૧૧ ના રોજ તેઓને રેકોર્ડ જોતાં કેસનો નંબર, વોરન્ટની તારીખ તથા પ્રોડકશનની તારીખ એકબીજા સાથે મેળ ખાતી લાગેલી નથી ત્યારે તેઓએ અરજદાર આરોપીઓને વધુ દસ્તાવેજી પુરાવા તેઓની અરજીના ટેકામાં રજુ કરવા જણાવેલું છે.

(૩) રેકોર્ડનો અભ્યાસ કરતાં અરજદાર આરોપીઓએ પોતાની રજુઆતના ટેકામાં આ હુકમ બાદ કોઈ દસ્તાવેજી આધારો રજુ કરેલા નથી, જેથી એમ માનવાને કારણ છે કે તેઓએ કોઈ પણ આધાર વગર હાલની અરજી કરેલી છે.

(૪) તે જે હોય તે, પરંતુ અત્રે એ નોંધનીય છે કે આરોપીના પ્રોડકશન વોરન્ટ સંદર્ભમાં આ અદાલતે આજરોજ જરુરી હુકમો કરેલા છે. વળી હાલની

**અરજી તા. ૨૧–૧૨–૨૦૧૧ ની છે યાને કે પાંચ માસ અગાઉની છે, જેથી હાલની અરજી નિરર્થક થઈ ગયેલી હોઈ તેમ જણાઈ છે. વળી હવે પછી અરજદાર આરોપીઓના જે કાંઈ પ્રોડકશન વોરન્ટ આવે તે માટે આજરોજ એક જુદો હુકમ કરી જેલ ઓથોરીટીને જરુરી હુકમો કરેલા છે અને તે સંદર્ભમાં પણ આ અરજી પર કોઈ સવિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને તેમ કરવાનું ન્યાયોચિત તથા યોગ્ય પણ જણાતું ન હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**<u>હુ ક મ</u>**

**હાલની અરજી નિરર્થક બની જતી હોઈ તેને તે રીતે ફેંસલ કરી.**

**આ હુકમ આજ રોજ તા.૨ જી માહે– મે, સને–૨૦૧૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**અમદાવાદ**
**તા.૨–૫–૨૦૧૨**

**(ડો.શ્રીમતી જયોત્સના યાજ્ઞિક)**
**વિશેષ ન્યાયાધીશ,**
**ડેઝીગ્નેટેડ કોર્ટ ફોર સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસીસ,**
**કેમ્પ–અમદાવાદ**